# THE GP PATIENT SURVEY

## સર્વેક્ષણ વિશે:

| | |
|---|---|
| 001 | **આ સર્વેક્ષણ શા માટે થઈ રહ્યું છે?**<br><br>જીપી પેશન્ટ સર્વે, પેશન્ટને તેના જીપી પ્રેક્ટિસના અનુભવ પર અભિપ્રાય આપવા માટેની તક પૂરી પાડવા રચવામાં આવેલ છે. સર્વેક્ષણ તમારી સ્થાનિક જીપી સર્જરી અને સ્થાનિક એનએચએસ સેવાઓ વિશેના પ્રશ્નો પૂછશે અને તમારા સામાન્ય સ્વાસ્થ્ય વિશેના પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સર્વેક્ષણ દર્દીઓને, દર્દીઓ માટે બીજી વસ્તુઓ સહિત, તેમની સર્જરીમાં એપોઇન્ટમેન્ટ લેવી જેટલી સહેલી કે અઘરી છે, ખુલ્લા રહેવાના સમય બાબતે સંતોષ, તેમના જીપી અને પ્રેક્ટીસ નર્સો પાસેથી મળતી સંભાળની ગુણવત્તા સમેત અનેક વિવિધ મુદ્દાઓ વિશે પૂછશે.<br><br>આ સર્વેક્ષણનો પ્રતિસાદ પેશન્ટના અનુભવને માપશે અને આમ સર્જરીઓને ક્યાં સુધારાઓની જરૂર છે તે સમજવામાં મદદ કરશે. આ સર્વેક્ષણ, દર્દીઓને, તેમની પ્રેક્ટીસ દર્દીઓને આ સેવાઓ પૂરી પાડવામાં કેટલી સારી રીતે કામ કરી રહી છે તે બાબતે, પોતાનો અભિપ્રાય આપવાની તક આપશે. |
| 002 | **આ ખરેખર કોના તરફથી છે?**<br><br>આ સર્વેક્ષણ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થની એનએચએસને દર્દીઓની જરૂરિયાતોને વધુ અનુરુપ બનાવવાની પ્રતિબદ્ધતાનો એક ભાગ છે, અને તે તેઓને લોકોના પોતાની સ્થાનિક એનએચએસ સેવાઓના અનુભવનું વધુ સારું ચિત્ર દર્શાવશે. ઇપ્સોસ મોરી, જે એક સ્વતંત્ર સર્વેક્ષણ એજન્સી છે, તે ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ વતી આ સર્વેક્ષણ કરી રહી છે. |
| 003 | **શા માટે મને પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી?**<br><br>તમે પ્રશ્નાવલિ મોકલવામાં આવી હતી કારણ કે ઇંગ્લેન્ડમાં સામાન્ય ચિકિત્સક સાથે નોંધાયેલ વયસ્ક દર્દીઓમાંથી તમે યાદ્દચ્છિક રીતે પસંદ થયા હતા. સામાન્ય ચિકિત્સક દર્દી સર્વેક્ષણના આ તબક્કા માટે ઇંગ્લેન્ડમાં સામાન્ય ચિકિત્સક સાથે નોંધાયેલા લગભગ ૧.૩૬ મિલિયન વયસ્ક દર્દીઓને પસંદ કરવામાં આવ્યા છે. |
| 147 | **શા માટે આ સર્વેક્ષણ ફરીથી થઈ રહ્યું છે?**<br><br>જીપી પેશન્ટ સર્વે તેના જીપી પ્રક્ટિસ દ્વારા આપવામાં આવતી કાળજી અને સેવા માટે પેશન્ટના પ્રતિભાવો તેના અનુભવો અને પસંદગીઓ માટે ઉપાય ઉપલબ્ધ કરાવી રહી છે. જો તમે ગયા વર્ષે આ પ્રશ્નાવલી પૂરી કરી હોય, તો પણ અમારે તમારા હાલના અનુભવો જાણવા જરૂરી છે, અને આ વર્ષે અમે આમાં દર્દીઓ સાથે સંબંધ ધરાવતા મુદ્દાઓ વિશે વધુ પ્રશ્નોનો સમાવેશ પણ કર્યો છે. |

| | |
|---|---|
| 004 | **શું મારે ભાગ લેવો જ પડશે?**<br><br>ભાગ લેવાનું સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, માટે તમારે પ્રશ્નાવલિ ભરવી જ પડશે એવું નથી. પણ પરિણામો લોકોના તેમની જીપી સર્જરી કે આરોગ્ય કેન્દ્રોના અનુભવોનું સચોટ ચિત્ર દર્શાવે તે માટે અમારે જુદા-જુદા અનેક લોકોના અભિપ્રાયોની જરૂર છે, માટે અમે ઇચ્છીએ છીએ કે શક્ય એટલાં વધુ લોકો પ્રશ્નાવલિ ભરે.<br><br>આ સર્વેક્ષણ, દર્દીઓને, તેમની પ્રેક્ટિસ દર્દીઓને સેવાઓ પૂરી પાડવા માટે કેટલી સારી રીતે કામ કરી રહી છે તે વિશે, પોતાનો અભિપ્રાય આપવાની તક છે. અમે આશા રાખીએ છીએ કે આ સર્વેક્ષણમાં ભાગ લેવા માટે પસંદ કરાયેલા દર્દીઓ આ મહત્વના મુદ્દાઓ વિશે તેમનો મત દર્શાવવાની આ તકનો લાભ લેશે. પ્રેક્ટિસો કેવી રીતે કામ કરી રહી છે તે બાબતે, અમને જેટલા વધુ પ્રતિભાવો મળશે તેટલું વધુ સચોટ ચિત્ર અમને મળી રહેશે. |
| 005 | **તમે કેટલી પ્રશ્નાવલિઓ મોકલી રહ્યા છો?**<br><br>સામાન્ય ચિકિત્સક દર્દી સર્વેક્ષણના આ તબક્કા માટે ઇંગ્લેન્ડમાં સામાન્ય ચિકિત્સક સાથે નોંધાયેલા લગભગ ૧.૩૬ મિલિયન વયસ્ક દર્દીઓને પસંદ કરવામાં આવ્યા છે, તેથી દરેક વર્ષે ઇંગ્લેન્ડમાં અંદાજે ૨.૮ મિલિયન જુદા જુદા દર્દીઓને પ્રશ્નાવલિ મોકલવામાં આવે છે. |
| 007 | **બીજી વસ્તુઓ સાથે તમે અનેક વિવિધ મુદ્દાઓ, જેમ કે દર્દીઓ માટે તેમની સર્જરીમાં એપોઇંટમેન્ટ મેળવવી કેટલી સહેલી કે અઘરી છે, કામ કરવાના કલાકોથી સંતોષ, તેમના જીપી અને પ્રેક્ટીસ નર્સો તરફથી મેળવેલી સેવાની ગુણવત્તા વિશે પ્રશ્નો પૂછી રહ્યા છો. જો મારે મારા જીપીની સેવાઓના અન્ય પાસાંઓ વિશે કંઇ કહેવું કે ફરિયાદ કરવી હોય, તો હું તમને તે કેવી રીતે જણાવી શકું?**<br><br>ઇપ્સોસ મોરી તમને, તમારે તમારા ડૉક્ટર, નર્સ કે જીપી પ્રેક્ટીસ વિશે હોઇ શકે તેવી અન્ય કોઇ ટિપ્પણી કે ફરિયાદ બાબતે મદદ કરી શકશે નહીં. ઇપ્સોસ મોરી માત્ર ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ વતી આ સર્વેક્ષણનું સંચાલન કરી રહ્યાં છે.<br><br>જો તમારે તમારા ડૉક્ટર અથવા ડૉક્ટરની સર્જરી દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા કે સંભાળ વિશે કોઇ ટિપ્પણી કે ફરિયાદ કરવી હોય, તો સૌ પહેલાં, તમારે પ્રેક્ટીસનો સંપર્ક સાધવો પડશે. જો તમને કોઇ ફરિયાદ હોય, તો દરેક પ્રેક્ટીસમાં એક કર્મચારી હોય છે જે પ્રેક્ટીસ વિશેની ફરિયાદની પ્રક્રિયા માટે જવાબદાર હોય છે, અને તે/તેણી તમારી સાથે આ તકલીફ દૂર કરવાનો પ્રયત્ન કરશે.<br><br>તમે દરેક એનએચએસ ટ્રસ્ટ અને પ્રાયમરી કેર ટ્રસ્ટ(પીસીટી) સંસ્થામાં સ્થાપવામાં આવેલ સ્થાનિક પેશન્ટ એડવાઇસ એન્ડ લિયાઝન સર્વિસ (પીએએલએસ) સાથે વાતચીત કરવા પણ ઇચ્છી શકો.<br><br>તમે તમે ક્યા પ્રાયમરી કેર ટ્રસ્ટના વિસ્તારમાં રહો છો તે આ વેબસાઇટ એડ્રેસ પર જઇને શોધી શકો:<br><br>http://www.nhs.uk/ServiceDirectories/Pages/PrimaryCareTrustListing.aspx - અથવા તમારી જીપી સર્જરી અથવા આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરીને જાણી શકો છો. |

| | |
|---|---|
| 009 | **શું હું સર્વેક્ષણના પરિણામો જોઇ શકું?**<br><br>હા, સર્વેક્ષણના પરિણામો પ્રકાશિત થાય છે અને www.gp-patient.co.uk પર જોઇ શકાશે.તેઓ ઓનલાઇન ઉપલબ્ધ છે અને તમામ સામાન્ય ચિકિત્સક પ્રેક્ટિસને પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. નોંધ લેવા વિનંતી કે ગયા વર્ષના સર્વેક્ષણોના પરિણામો www.gp-patient.co.uk દ્વારા કે www.dh.gov.uk ખાતે ઉપલબ્ધ છે.<br><br>જીપી પેશન્ટ સર્વેના પરિણામો અંગે વધુ માહીતી માટે કૃપા કરીને www.gp-patient.co.uk ની મુલાકાત લેવી. |
| 145 | **શું આ સર્વેક્ષણનું પરિણામ જીપીની આવકને અસર કરશે?**<br><br>જીપી પેશન્ટ સર્વે ૨૦૧૧/૧૨ માં સીધી રીતે ચૂકવણીથી પ્રેક્ટિસ સાથે સંકળાયેલી નથી. |
| 171 | **શા માટે જીપી પેશન્ટ સર્વેક્ષણ વર્ષમાં બે વખત થઇ ગયુ?**<br><br>ભૂતકાળમાં પ્રેક્ટિસ નાંણાકીય રીતે સારા વળતર માટે સર્વેના પારીણામો મોકલવામાં આવતા આનો મતલબ એમ કે મોટી સંખ્યામાં સર્વે બહાર પડતા તે સુનિશ્ર્વત કરવા કેટલીય પ્રશ્નાવલી પરત મળી.<br><br>૨૦૧૧ ૧૨ માં પ્રેક્ટિસ આવક સાથે સર્વેની કોઇ લીંક રહી નથી એટલે કે ઓછી સંખ્યામાં સર્વે બહાર પડે છે. આ કારણે સર્વેક્ષણ ૬ મહિને થઇ ગયું. |

# <u>પ્રશ્નાવલિ પૂરી કરવી:</u>

| | |
|---|---|
| 027 | **શું મારે બધા જ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે?**<br><br>આ પ્રશ્નોના જવાબ આપવા સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, માટે તમારે જવાબ આપવા જ પડશે એવું નથી. પણ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો, કારણ કે આનાથી અમને લોકોના અનુભવોનું શ્રેષ્ઠ સંભવ ચિત્ર મળશે. કેટલાંક એવા પ્રશ્નો પણ છે, જે અમે તમને, તમે અગાઉ આપેલા જવાબોના આધારે છોડી દેવા કહીશું. દાખલા તરીકે, તમારે પ્રશ્ન 9 નો જવાબ તો જ આપવાનો છે, જો તમે પ્રશ્ન 8 નો જવાબ હા માં આપ્યો હોય, પણ કૃપા કરીને પ્રશ્નાવલિમાં આપેલ સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરો. |
| 028 | **હું ચોકઠામાં ખરાની નિશાની કરું કે ચોકડી કરું?**<br><br>તમે તમારા પોતાના અભિપ્રાય કે અનુભવની સૌથી વધુ નજીક આવતા હોય તે જવાબ માટે એક ચોકઠામાં ખરાની નિશાની કે ચોકડી, ગમે તે કરી શકો છો. |
| | **મને કાગળ પર પ્રશ્નાવલિ પૂરી કરવામાં તકલીફ પડે તો શું થાય?**<br><br>ઇપ્સોસ મોરી જેમને પ્રશ્નાવલિ પૂરી કરવામાં તકલીફ હોય તેવા દર્દીઓ માટે ફ્રીફોન ટેલિફોન નંબર પૂરો પાડી રહ્યાં છે. કૃપા કરી અઠવાડિયા દરમ્યાન સવારે 9 થી રાત્રે 9 સુધી અથવા શનિવારે સવારે 10 થી સાંજે 5 સુધીમાં 0808 238 5385 પર ફોન કરો.<br><br>જે દર્દીઓ કાગળ પર પ્રશ્નાવલિ પૂરી કરવા ન માંગતા હોય, તેઓ www.gp-patient.co.uk ની મુલાકાત લઇને પ્રશ્નાવલિ ઑનલાઇન પૂરી કરી શકે. કૃપા કરી નોંધ લેશો કે દર્દી દીઠ એક જ પ્રતિભાવ સ્વીકાર્ય છે . |

| | |
|---|---|
| 029 | **શું હું સર્વેક્ષણ કોઇ બીજી ભાષાઓમાં પૂરું કરી શકું?**<br><br>હા, તમે સર્વેક્ષણ ઉર્દૂ, પંજાબી, પૉલિશ, બંગાળી, અરેબિક, ફ્રેંચ, ગુજરાતી, ટર્કિશ, સોમાલી, પોર્ટુગીઝ, મેન્ડેરિન, ઝેક અને સ્લોવાક ભાષામાં "અન્ય ભાષાઓ"ની લિંકને અનુસરીને અથવા નીચેના ફ્રીફોન ટેલિફોન નંબરો પર ફોન કરીને પૂરું કરી શકો છો:<br><br>ઉર્દૂ - - 0808 238 5379<br><br>પંજાબી - - 0808 238 5380<br><br>પૉલિશ - - 0808 238 5381<br><br>બંગાળી - - 0808 238 5382<br><br>અરેબિક - - 0808 238 5383<br><br>ફ્રેંચ - - 0808 238 5384<br><br>ગુજરાતી - - 0808 238 5386<br><br>ટર્કિશ - - 0808 238 5387<br><br>સોમાલી - - 0808 238 5388<br><br>પોર્ટુગીઝ - - 0808 238 5389<br><br>મેન્ડેરિન - - 0808 238 5475<br><br>ઝેક - - 0808 238 5477<br><br>સ્લોવાક - - 0808 238 5476<br><br>કૃપા કરી નોંધ લેશો કે દર્દી દીઠ એક જ પ્રતિભાવ સ્વીકાર્ય છે. |
| 158 | **પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન શું છે?**<br><br>પ્રશ્નાવલિના પ્રથમ પાના પરનું BSL ચિહ્ન, બ્રિટિશ સાઇન લેંગ્વેજ (મૂક-બધિરો માટેની ભાષા)નો લોગો છે.<br><br>બ્રિટિશ સાઇન લેંગ્વેજ ( BSL) બ્રિટનમાં વપરાતી સર્વ સામાન્ય ઇશારાઓની ભાષા છે. ભાષા તરીકે BSL નું તેનું પોતાનું વ્યાકરણ અને રચનાશાસ્ત્ર છે અને તે બોલચાલની અંગ્રેજી પર આધારિત નથી કે તેની સાથે નજીકથી સંબદ્ધિત નથી.<br><br>બ્રિટિશ સાઇન લેંગ્વેજમાં, જીપી પેશન્ટ સર્વેક્ષણ વિશે વધુ માહિતી અને સર્વેક્ષણનું એક ઑનલાઇન સ્વરુપ, BSL વપરાશકર્તા લિંક દ્વારાઉપલબ્ધ છે. |

| | |
|---|---|
| 031 | **મેં એક ભૂલ કરી છે! હું શું કરું?**<br><br>તમે કોઇ ભૂલ કરી હોય તો પણ અમે ઇચ્છીશું કે તમે અમને તમારી પૂર્ણ કરેલી પ્રશ્નાવલિ મોકલો. કૃપા કરી ખોટા જવાબ વાળું ખાનું પૂરેપૂરું ભરી દો અને પછી કાળજીપૂર્વક સાચા જવાબના ખાનામાં ખરાની નિશાની કરો. |
| 033 | **મારાથી મારી પ્રશ્નાવલિ ખોવાઇ ગઇ છે; તમે મને તેની બીજી નકલ મોકલી શકશો?**<br><br>અમે જેમણે તેમની પ્રશ્નાવલિ પાછી નથી મોકલાવી તેવા લોકોને યાદ કરાવવા માટે બીજી પ્રશ્નાવલિ મોકલીશું, તો આ તમને આવતા બે-એક અઠવાડિયામાં મળી જવી જોઇએ. |
| 034 | **શું હું પ્રશ્નાવલિ મારા સાથી/મિત્ર/અન્ય કોઇ વ્યક્તિને ભરવા માટે આપી શકું?**<br><br>ના, પત્રમાં જેનું નામ આપવામાં આવેલું છે તેના અનુભવો વિશે પ્રશ્નાવલિ પૂછે છે, માટે તમે પ્રશ્નાવલિ ભરવામાં મદદ લઇ શકો, પણ તમારે તેને તમારા પોતાના અનુભવો વિશે જ પૂરી કરવાની છે. |
| 035 | **શું હું બીજાઓ માટે મેં જે એપોઇંટમેન્ટ્સ લીધી હોય તેમના વિશે જવાબ આપી શકું?**<br><br>ના, પ્રશ્નાવલિની અંદરના બધાં પ્રશ્નો તમે તમારા પોતાના માટે લીધેલી એપોઇંટમેન્ટ્સ અને તમારા જીપીની મુલાકાત લેતા સમયે અથવા તેમની સાથે વાતચીત કરવાના સમયના તમારા પોતાના અનુભવો વિશે છે. કૃપા કરીને પ્રશ્નાવલિ માત્ર તમારા પોતાના વ્યકિતગત અનુભવો વિશે જ ભરો અને તમારા બાળકો કે બીજી કોઇ પણ વ્યક્તિના અનુભવો વિશે નહીં. |
| 041 | **શું હું કોઇને પ્રશ્નાવલિ ભરવામાં મદદ કરી શકું?**<br><br>હા, તેનો વાંધો નથી. જો કોઇ મિત્ર કે સગાને પ્રશ્નાવલિ ભરવામાં તમારી મદદની જરુર હોય તો તમે તે આપી શકો. પણ જવાબો માત્ર તેમના અનુભવો વિશે જ હોવા જોઇએ. |
| 042 | **શું હું કોઇને પ્રશ્નાવલિ ભરવામાં મદદ કરવા કહી શકું?**<br><br>હા, તેનો વાંધો નથી. જો તમને પ્રશ્નાવલિ ભરવામાં મદદની જરુર હોય તો તમે કોઇ મિત્ર કે સગાને મદદ કરવા કહી શકો. પણ જવાબો માત્ર તમારા અનુભવો જ વિશે હોવા જોઇએ. |
| 037 | **શું મારે પત્ર પાછો મોકલવો પડશે?**<br><br>ના, તમારે તમને પૂરા પાડવામાં આવેલ ટપાલ ખર્ચ ચૂકવેલ પરબીડિયામાં માત્ર તમારી પૂરી કરેલી પ્રશ્નાવલિ જ મોકલવાની રહેશે. |

| | |
|---|---|
| 038 | **મેં ગયા અઠવાડિયે / ગયા મહિને / થોડા સમય પહેલા જ મારી પ્રેક્ટિસ બદલી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?**<br><br>આ સર્વેક્ષણ એવા લોકોને મોકલવામાં આવી રહ્યું છે જે ગયા છ મહિનામાં કોઇ જીપી સર્જરીમાં નોંધાયેલા હતા. કૃપા કરી તમે તે સમયગાળામાં (અથવા તેના મોટા ભાગ દરમ્યાન) જે પ્રેક્ટિસમાં નોંધાયેલા હતા તેના વિશે જ પ્રશ્નોના જવાબ આપો. |
| 039 | **મેં ગયા વર્ષ દરમ્યાન મારા જીપીની મુલાકાત લીધી નથી, પણ મને પ્રશ્નાવલિ મોકલવામાં આવી છે. શું મારે તે પૂરી કરવી જોઇએ?**<br><br>હા, જો તમે કોઇ જીપી સાથે નોંધાયેલા હો- તો ભલે તમે હાલમાં કોઇ જીપીની મુલાકાત ન લીધી હોય, તમારા અભિપ્રાયો અમારા માટે મૂલ્યવાન છે. |
| 120 | **હું મારા જીપી (ડૉક્ટર)ને મળતો/મળતી નથી, માત્ર પ્રેક્ટીસમાંના નર્સને જ મળું છું. શું હું તો પણ આ સર્વેક્ષણ ભરી શકું?**<br><br>આ સર્વેક્ષણમાં ડૉક્ટર અથવા નર્સને બતાવવા કે વાત કરવા સંબંધિત પ્રશ્નો છે. માટે કૃપા કરીને, માત્ર તમારા ડૉક્ટર અથવા નર્સને બતાવવા કે વાત કરવાના તમારા અનુભવ સાથે સંબંધિત પ્રશ્નોના જ જવાબ આપો. |
| 043 | **મારે તેને ક્યારે મોકલવું જરુરી બને છે?**<br><br>તમારી પૂરી કરેલી પ્રશ્નાવલિ તમે બની શકે તેટલી ઝડપથી મોકલવા વિનંતી, અને કોઇ પણ કેસમાં ખાતરી કરવા વિનંતી કે તે ૩૦ મરચ્હ ૨૦૧૨ પહેલાં અમારી પાસે આવવી જોઇએ. જેમણે જવાબ આપ્યો નથી તેઓને, ફેબ્રુઆરી ૨૦૧૨ અને મરચ્હ ૨૦૧૨ ની શુરુઆતમાં ઇપ્સોસ મોરી બાકીની પ્રશ્નાવલિઓ મોકલશે. |
| 045 | **મને મારા પત્ર સાથે કોઇ પરબીડિયું /પ્રશ્નાવલિ મળ્યા નથી?**<br><br>જો આવું થયું હોય તો અમે દિલગીર છીએ. ટૂંક સમયમાં અમે તમને ફરી યાદ કરાવવા માટે એક પત્ર અને સાથે પ્રશ્નાવલિની નકલ મોકલીશું, માટે કૃપા કરી તમને સર્વેક્ષણ મળે ત્યારે સર્વેક્ષણ પૂરું કરશો અને આપેલ પરબીડીયા મા પરત કરશો અથવા, જો તમારી પાસે પ્રશ્નાવલિ હોય, અને તમે અમને તે વહેલા મોકલવા માંગતા હો, તો કૃપા કરી પ્રશ્નાવલિને માત્ર “FREEPOST GP PATIENT SURVEY” લખેલ પરબીડિયામાં નાંખો. ટપાલ ટિકિટની જરુર નથી. |
| 182 | **પ્ર૩૪ હું કેવી રીતે કરી શકું?**<br><br>આ પ્રશ્નના જવાબમાં જ્યારે તમે આ જીપી પેશન્ટ સર્વેની પ્રશ્નાવલિ ભરો છો ત્યારે તમારું આરોગ્ય કેવું છે તે લખવું જોઇએ. કૃપયા દરેક મથાળાની અંતર્ગત ત્રણમાંથી એક કથન (ગતિશલતા, સ્વકાળજી, સામાન્ય પ્રવૃતીઓ, દુખાવો અને ડિપ્રેશન) લાગુ પડતું આરોગ્ય દર્શાવો. |
| 183 | **તમે મારી મેડિક્લ પરિસ્થીતી વિશે શા માટે પૂછી રહ્યા છો (પ્ર૩૧)?**<br><br>આ માહિતી સરકારને લોકોની લાંબાગાળાની પરિસ્થીતીમાં ક્યાં આરોગ્યલક્ષી સ્વરુપમાં સુધારો થઇ રહ્યો છે તે જાણવામાં મદદ કરે છે. |

| | |
|---|---|
| 184 | **યુરોકોલ ગૃપ કોણ અથવા શું છે? તે શા માટે સર્વેક્ષણમાં સંડોવાયેલા છે?**<br><br>યુરોકોલ ગૃપએ આંતરરાષ્ટ્રીય સંશોધકોના નેટવર્કનું બનેલું છે. આ ગૃપે EQ-5D પ્રશ્ન (પ્ર૩૪) બનાવેલો છે જેમાં જીપી પેશન્ટ સર્વે લોકોનું આરોગ્ય માપે છે. |

# <u>વેબસાઇટ પર/ઑનલાઇન પૂરું કરવું:</u>

| | |
|---|---|
| 048 | **શું હું સર્વેક્ષણને ઓનલાઇન પૂરું કરી શકું?**<br><br>તમે આ સર્વેક્ષણને ઓનલાઇન પૂરું કરવાનું પસંદ કરો, તો www.gp-patient.co.uk ની મુલાકાત લેવા વિનંતી અને સર્વેક્ષણની લિંકને અનુસરો. તમને વપરાશકર્તા માટે પૂછે ત્યારે, તમારો યુનિટ પાસવર્ડ સાથે, તમારો સંદર્ભ નંબર/વપરાશકર્તાનામ દાખલ કરવો જરૂરી બનશે. સંદર્ભ નંબર અને પાસવર્ડ એ પ્રશ્નાવલિના પ્રથમ પૃષ્ઠ પર છાપેલો છે. આમ છતાં, નોંધ લેવા વિનંતી કે દર્દી દીઠ માત્ર એક જ જવાબ સ્વીકારી શકાશે. |
| 049 | **સર્વેક્ષણ ઑનલાઇન પૂરું કરવા માટે જરૂરી મારી લોગ ઇનની વિગતો/ સંદર્ભ ખોવાઇ ગયો છે. શું મને તે ફરી મળી શકે?**<br><br>જેમણે સર્વેક્ષણ પૂરું ભર્યું નથી તેઓ દરેકને અમે ઓગષ્ટ અને સપ્ટેમ્બરની શરુઆતમાં સ્મૃતિપત્રક મોકલીશું.તમને પછી પ્રશ્નાવલિની બીજી નકલ મળશે અને પેપર પર સર્વેક્ષણને પૂરું કરવાનું પસંદ કરી શકો કે તેને ઓનલાઇન પૂરું કરવામાં સંદર્ભ તરીકે ઉપયોગ કરી શકો. |
| 051 | **મને ઑનલાઇન સર્વેક્ષણ પૂરું કરવા માટે યુઝરનેમ/ સંદર્ભ ક્રમાંક ક્યાંથી મળી શકશે?**<br><br>સર્વેક્ષણ ઑનલાઇન પૂરું કરવા માટે યુઝરનેમ/ સંદર્ભ ક્રમાંક અને પાસવર્ડ પ્રશ્નાવલિના પહેલા પાને કમ્પ્યુટરના ચિહ્નવાળા વિભાગમાં છાપેલ છે. |

# ભાગ લેવો:

| | |
|---|---|
| 061 | **મને પ્રશ્નાવલિ કેમ નથી મળી? હું તે કેવી રીતે મેળવી શકું?**<br><br>પ્રશ્નાવલિ ઇંગ્લેન્ડમાં કોઇ જીપી સાથે નોંધાયેલા હોય તેવા લોકોમાંથી આયોજન વિના પસંદ કરાયેલ લોકોને મોકલવામાં આવી રહી છે. ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થે તેમના નામ કોઇ જ આયોજન વિના એનએચએસના કોઇ જીપી પાસે નોંધાયેલા દર્દીઓની યાદીમાંથી પસંદ કર્યાં છે. આ સર્વેક્ષણની ખરાઇ ટકાવી રાખવા માટે ઇપ્સોસ મોરી જેમને સર્વેક્ષણમાં ભાગ લેવા માટે આયોજન વિના પસંદ કરવામાં આવ્યા નથી, તેવા લોકોને પ્રશ્નાવલિ મોકલી શકે નહીં. |
| 053 | **અત્યારે મારી કોઇ જીપી સાથે નોંધણી થયેલી નથી, શું મારે તો પણ પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?**<br><br>આ સર્વેક્ષણ એવા લોકોને મોકલવામાં આવી રહ્યું છે જેઓ છેલ્લા છ મહિનામાં કોઇ જીપી સર્જરીમાં નોંધાયેલા હોય. જો તમે તે સમયગાળા દરમ્યાન કોઇ સર્જરીમાં નોંધાયેલા હતા, તો અત્યારે ન હો તો પણ તમે પ્રશ્નાવલિ પૂરી કરી શકો છો. કૃપા કરી તમે તે સમયગાળામાં (અથવા તેના મોટા ભાગ દરમ્યાન) જે સર્જરીમાં નોંધાયેલા હતા તેના વિશે પ્રશ્નોના જવાબ આપો. |
| 057 | **મેં હાલમાં મારા જીપીનો સંપર્ક કર્યો નથી, શું મારે તેમ છતાં પ્રશ્નાવલિ પૂરી કરવી જોઇએ?**<br><br>હા, તમે તેમ છતાં પ્રશ્નાવલિ પૂરી કરી શકો છો. જો કે પ્રશ્નાવલિના બધાં પ્રશ્નો તમને લાગુ પડશે નહીં, છતાં અમે આશા રાખીએ છીએ કે તમે સર્વેક્ષણમાં ભાગ લેશો. |

| | |
|---|---|
| 092 | **જો મારે ભાગ ના લેવો હોય તો કોને સંપર્ક કરવો જોઇએ?**<br><br>ભાગ લેવો સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે, પણ અમે આશા રાખીએ છીએ કે તમે ભાગ લેશો કારણ કે આ અમને તમે તમારા ડૉક્ટર પાસે જાવ અથવા તેમને ફોન કરો ત્યારના તમારા અનુભવો વિશે શ્રેષ્ઠ સંભવ માહિતી આપશે.<br><br>જો તમારે ભાગ ના લેવો હોય તો તમારે કઇ કરવાની જુરૂર નથી, જો કે હજી પણ તમને અમારા તરફથી કદાચ બે સ્મૃતિપત્ર મળશે કે જે તમે અવગણી પણ શકો છો. જો તમે વધારા ના કોઇ સ્મૃતિપત્ર મોકલવાની યાદી માંથી તમારુ નામ અને સરનામું દૂર કરવા માંગતા હોય તે માટે તમે<br><br>- ઇપ્સોસ મોરી ને ફ્રીફોન 0808 238 5386 ફોન કરો (સોમવારથી શુક્રવાર સવારે ૯ થી રાત્રે ૯ ; શનિવાર સવારે ૧૦ થી સાંજે ૫)<br><br>- GPPatientSurvey@dh.gsi.gov.uk પર ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ને ઇ મેલ કરી શકો<br><br>- GPPatientSurvey_Enquiry@ipsos-mori.com પર ઇપ્સોસ મોરીને ઇ મેલ કરી શકો<br><br>કૃપા કરી તમારો સંદર્ભ નંબર આપવા તૈયાર રહેજો જે પત્ર ઉપરનાં અને પ્રશ્નાવલિ પર છાપેલો છે |

# સામાન્ય:

| | |
|---|---|
| 062 | **0808 વાળા નંબર પર ફોન કરવાનો કેટલો ખર્ચ આવે છે?**<br><br>યૂકેના સામાન્ય લેન્ડલાઇન ફોન પરથી 0808 વાળા ટેલિફોન નંબર પર ફોન કરવાનો કોઇ ખર્ચ લાગતો નથી.<br><br>કારણ કે 0800 વાળા મફત નંબરો ખલાસ થવા લાગ્યા છે, ફ્રીફોન નંબરો માટે 0808 થી શરુ થતી એક નવી સિરીઝ આપવામાં આવી છે.<br><br>મોબાઇલ ફોન અને અન્ય નેટવર્ક પરથી ફોન કરવાનો ખર્ચ જુદો-જુદો હોઇ શકે અને તેના વિશે તમારે તમારા ટેલિફોન ઓપરેટર પાસે તપાસ કરવી જોઇએ. |
| 066 | **ઇપ્સોસ મોરી શું છે?**<br><br>ઇપ્સોસ મોરી એક નોંધાયેલી અને સ્વતંત્ર સર્વેક્ષણ કરનારી સંસ્થા છે અને તે માર્કેટ રિસર્ચ સોસાયટીની નૈતિક આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન કરે છે. ઇપ્સોસ યૂકે અને મોરી, જેમના વિશે તમે અલગ અલગ સાંભળ્યું હશે, ઓક્ટોબર 2005માં એકત્ર થયા અને તેમાંથી યૂકેની બીજી સૌથી મોટી સંશોધન એજન્સીનું નિર્માણ થયું. ઇપ્સોસ મોરીને માન્યતાપ્રાપ્ત મૂલ્યાંકન કરનાર સંસ્થા માર્કેટિંગ ક્વોલિટિ એશ્યોરન્સ (એમક્યુએ) તરફથી નવું આંતરરાષ્ટ્રીય પ્રક્રિયા ધોરણ ISO 20252 તેમ જ માહિતીની સુરક્ષા માટેનું આંતરરાષ્ટ્રીય ધોરણ ISO 27001 આપવામાં આવ્યું હતું, જે આ બંને ધોરણો મેળવનાર દુનિયાની પ્રથમ એજન્સી છે. ઇપ્સોસ મોરી વિશે વધુ માહિતી મેળવવા માટે કૃપા કરીને www.ipsos-mori.com પર જાવ. |

# ગુપ્તતા/ ડેટાની સુરક્ષા:

| | |
|---|---|
| 081 | **તમને મારું નામ અને સરનામું કેવી રીતે મળ્યા?**<br><br>ઇપ્સોસ મોરી ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ વતી પ્રશ્નાવલિઓ મોકલી રહ્યાં છે. ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થે આયોજન વિના એનએચએસની જીપી સાથે નોંધાયેલા દર્દીઓની યાદીમાંથી નામ પસંદ કર્યાં છે. ઇપ્સોસ મોરી આ સંપર્ક વિગતો ખાનગી રાખશે, અને સર્વેક્ષણ પૂરું થયે તેમને સુરક્ષિત રીતે નષ્ટ કરવામાં આવશે. ઇપ્સોસ મોરીને દર્દીઓના આરોગ્ય કે કન્સલ્ટેશન્સ વિશે કોઇ ચિકિત્સકીય માહિતી આપવામાં આવી નથી. |
| 083 | **શું તમે મારા આરોગ્ય સંબંધી ડેટા સુધીને પહોંચી શકો છો?**<br><br>ના, બિલ્કુલ નહીં. ઇપ્સોસ મોરીએ માત્ર તમારો એનએચએસ નંબર, નામ, સરનામુ, જન્મનું વર્ષ અને તારીખ, અને લિંગ વિશે જ માહિતી મેળવી છે, જેથી તેઓ આ સર્વે ક્ષણ વિશે તમારો સંપર્ક સાધી શકે. તમારા આરોગ્ય વિશે કોઇ માહિતી મેળવવામાં આવી ન હતી - આ તમારી અને તમારા જીપી વચ્ચે ગુપ્ત રહેશે.<br><br>જન્મનું વર્ષ અને તારીખ સાથે લિંગ સંબંધી માહિતીનો ઉપયોગ માત્ર એ નિશ્ચિત કરવા માટે થશે કે અનામીકરણ કરેલ સર્વેક્ષણ ડેટા આબાદીની પ્રોફાઇલ સાથે શક્ય એટલો મેળ ખાય. |
| 097 | **મારા ડૉક્ટર આ સર્વેક્ષણમાં કેવી રીતે સામેલ છે?**<br><br>આ સર્વેક્ષણ ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ અને તમારી જીપી પ્રેક્ટીસ વચ્ચેની કરારો સંબંધી હાલની વ્યવસ્થાના ભાગ રુપે થઇ રહ્યું છે. પ્રશ્નાવલિ, ઇંગ્લેન્ડમાં કોઇ જીપી સાથે નોંધાયેલા લોકોમાંથી આયોજન વિના પસંદ કરાયેલા લોકોને મોકલાઇ રહી છે અને તમારું નામ, ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ પાસેના જીપી સાથે નોંધાયેલા લોકોની યાદીમાંથી આયોજન વિના જ પસંદ કરાયું હતું.<br><br>જીપી પ્રેક્ટીસોને આ સર્વેક્ષણ વિશે અગાઉથી જાણ કરવામાં આવી છે. તેઓ તેમની પ્રેક્ટીસ વિશે અનામ કરેલા આંકડાકીય પરિણામો જોઇ શકશે, પણ તેમને વ્યક્તિગત જવાબો સુધી પહોંચ પ્રાપ્ત થશે નહીં. |
| 098 | **શું મારા ડૉક્ટર આ સર્વેક્ષણ વિશે જાણે છે?**<br><br>હા, તમારા જીપીને આ સર્વેક્ષણ વિશે, તે કરવા પાછળના કારણો સમેત આગોતરી જાણ કરાઇ હતી. |
| 099 | **શું મારા ડૉક્ટર આ સર્વેક્ષણમાં મેં આપેલા જવાબો જોઇ શકશે?**<br><br>ના, ઓળખ થઇ શકે તેવા વ્યક્તિગત જવાબો ઇપ્સોસ મોરીની બહાર કોઇ જોઇ શકશે નહીં. . ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ તેમ જ એનએચએસને માત્ર અનામીકરણ કરેલો ડેટા જ મોકલવામાં આવશે. ઇપ્સોસ મોરીની બહારની કોઇ વ્યક્તિ જાણી નહીં શકે કે પ્રશ્નાવલિઓ કોને - કોને મોકલવામાં આવી હતી અને તે કોણે - કોણે પાછી મોકલી હતી. |

| | |
|---|---|
| 100 | **શું પરિણામોમાં મારી ઓળખ થઇ શકશે?**<br><br>ના, ઓળખ થઇ શકે તેવા વ્યક્તિગત જવાબો ઇપ્સોસ મોરીની બહાર કોઇ જોઇ શકશે નહીં. ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ તેમ જ એનએચએસને માત્ર અનામીકરણ કરેલો ડેટા જ મોકલવામાં આવશે. ઇપ્સોસ મોરીની બહારની કોઇ વ્યક્તિ જાણી નહીં શકે કે પ્રશ્નાવલિઓ કોને - કોને મોકલવામાં આવી હતી અને તે કોણે - કોણે પાછી મોકલી હતી. |